જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨/૨/૨૦૧૪ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૩૪૧/૧૪**

**દાણીલીમડા**

અમદાવાદ શહેરમાં વધતા જતાં વાહન ચોરીનાં બનાવો તેમજ ચોરાયેલ વાહનો શોધવા માટે પોલીસ સ્ટેશન વિસ્તારમાં હે.કો. જહીરઅબ્બાસ મકબુલભાઈ તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતાં ફરતાં કલાક ૨૨/૩૦ વાગે નવાબની ચાલીમાં બાબાખાનનાં બંગલા પાસે આવતાં ત્યાં રોડની સાઈડમાં એક સ્કોરપીયો ગાડીનો દરવાજો ખુલ્લો રાખી ગાડીની અંદર બેઠેલ એક ઈસમ શકમંદ હાલતમાં જણાતાં જે ઈસમની તથા સ્કોરપીયો ગાડી બાબતે પુછપરછ કરવાની હોય રસ્તે જતાં બે રાહદારી માણસો રોકી ઉપરોક્ત હકીકતથી વાકેફ કરી પંચમાં રહેવા કહેતાં પંચોએ સ્વખુશી બતાવતાં પંચો તથા સ્ટાફનાં માણસો સાથે સદરી સ્કોરપીયો ગાડી પાસે જઈ ગાડીમાં બેઠેલ ઈસમનું પંચો રૂબરૂ નામ-ઠામ પુછતાં પોતે પોતાનું નામ સાહીદ સન/ઓફ ગુલામ રસુલભાઈ શેખ ઉ.વ.૨૫ ધંધો- વેપાર રહે, ગલી નં. ૧૨ મ.નં. એલ/૧૧૬ જીતુભગત કંપાઉન્ડ સાહઆલમ દાણીલીમડા અમદાવાદ શહેર નાનો હોવાનું જણાવેલ સદરી પાસેની સ્કોરપીયો ગાડી જોતાં જેનો આરટીઓ નં. GJ-1-HJ-3447 નો ફેન્સી આંકડામાં લખેલ છે.જે સીલ્વર કલરની કાળા પટ્ટાવાળી અને કાળા કાચવાળી છે. જેનો ચેસીસ નંબર જોતાં MA1TA2BFC320756 તથા એન્જીન નંબર જોતાં BF34B35337 નો વંચાય છે. જે સ્કોરપીયો ગાડીની કિં.રૂ. ૨,૧૦,૦૦૦/- ગણી શકાય. સદરી ઈસમ પાસે સ્કોરપીયો ગાડીનાં કાગળો કે આધાર પુરાવો માંગતાં પોતાની પાસે નહીં હોવાનુ જણાવી ગલ્લા તલ્લા કરી કોઈ સંતોષકારક જવાબ આપતો ન હોય અને સદર સ્કોરપીયો ગાડીનાં આધાર,પુરાવો કે કાગળો રજુ કરી શકેલ ન હોય જેથી સદરી ઈસમ સદરહુ સ્કોરપીયો ગાડી છળકપટથી અથવા તો ચોરીથી લાવેલ હોવાનું જણાઈ આવતાં ઉપરોક્ત સ્કોરપીયો ગાડી સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી સદરી ઈસમને કલાક ૨૩/૧૦ વાગ્યે સી.આર.પી.સી. કલમ ૪૧(૧) ડી મુજબ પકડી અટક કરી જે અંગે કલાક ૨૨/૩૫ થી ૨૩/૧૦ વાગ્યા સુધીનું પંચનામું કરી પંચનામા વિગતે સદરહુ સ્કોરપીયો ગાડી તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.